


એકતા યાત્રા - શહેરમાં સતત બીજા દિવસે એકતા યાત્રાની પરિક્રમા ચાલુ રહી હતી... સવારથી સાંજ સુધી શહેરના જુના સેકટરોના મુખ્ય માર્ગો પર સરદાર પટેલ અમર રહો... અને ભારત માતાકી જયના જયઘોષો વચ્ચે ઠેર ઠેર એકતા યાત્રાનું સ્વાગત યોજાયું હતું...

# નવા સેકટરોમાં બોરના કેબલની ચોરીનો ઉપદ્રવ : પાણીનો પોકાર

**સે-૩ સી સહીત સે-૪ માં દિવાળીના તહેવાર ટાંણે પણ પાણી ફોર્સથી આવતુ નથી : ગૃહીણીઓમાં આક્રોશ : વારંવાર પાણીની સમસ્યા સર્જાતા સ્થાનિકો તોબા**

ગાંધીનગર તા ૨૯

નવા સેકટરોમાં પાણીના બોર બંધ રહેતા વારંવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. પાણીના બોરના કેબલ ચોરીના લીધે બોર બંધ રહેતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય ન થતુ હોવાથી સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. સે-૩ અને સે-૪ માં પાણીની ફરિયાદો વધી છે. સે-૩ સીમાં છેલ્લા એક સપ્તાહથી પાણી ફોર્સથી ન આવતા ગૃહીણીઓનો રોષ ચરમસીમાએ છે.

શહેરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણીની પોકાર ઉઠવા પામી છે. શહેરના નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની બુમ ઉઠતા દિવાળી ટાંણે ઘરકામ કરતી ગૃહીણીઓમાં રોષ પ્રવર્તયો છે. થોડા સમય અગાઉ પણ નવા સેકટરોમાં પાણી ફોર્ષથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો હતો. જયારે આ વેળાએ સેકટરના બોર બંધ હોવાથી પાણીનો ફોર્ષ ઘટી ગયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે પાણીના બોરની કેબલ ચોરી પણ પાણીના પ્રશ્ન માટે જવાબદાર હોવાનુ તારણ ધ્યાને આવ્યુ હતુ. આવા સંજોગોમાં પાણી પુરતા પ્રમાણમાં ન આવતુ હોવાની ફરિયાદો વધતા તહેવાર ટાંણે નવા સેકટરોના સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરયા બાદ વર્ષોથી એક જ સમયે નવા અને જુના સેકટરોમાં પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે નવા સેકટરોમા પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરતી વેળાએ સે-૫ માં નવીન પાણીની ટાંકીનુ પણ નિર્માણ કરાયુ હતુ. એકબાજુ પાણી વિતરણ વ્યવસ્થાને અનુલક્ષી મીટર પધ્ધતિના અમલ માટે પણ જરૂરી અભ્યાસ હાથ ધરાયો છે.જયારે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટેનો તખતો પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પાણીના મામલે સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. નવરાત સમયે પણ પાણી પુરતા દબાણથી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી હતી. જયારે દિવાળીના તહેવારો પુર્વે પણ પાણીની સમસ્યા યથાવત છે. નવા સે-૩ અને સે-૪ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો વધુ છે. જેમાં સે-૩ સી માં પણ પાણીની સમસ્યા છે.

ગૃહીણીઓમાં પણ દિવસ દરમિયાન પાણીની પોકાર રોષનુ કારણ બની છે. નવા સેકટરોમા પાણીનો ફોર્સ ઘટવા પાછળ પાણીનો બોર બંધ રહેતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પાણીના બોરની કેબલ ચોરીના લીધે બોર બંધ રહેતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગત સપ્તાહ દરમિયાન પણ સે-૪ માં પાણીના બોરની કેબલ ચોરી થઈ હતી. જયારે આ મામલે તંત્ર કક્ષાએથી કાયમી નિરાકરણ આવે તેવા પગલા લેવા અનિવાર્ય હોવાની પણ માંગ ઉઠવા પામી છે.

# શહેરમાંથી ડેનગ્યુના વધુ ૪ કેસ સાથે ૧૪૨ કેસ થયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાંથી આજે ડેનગ્યુના વધુ ૪ કેસ મળી આવતાં શહેરમાં વાહકજન્ય રોગના કેસોની સંખ્યા ૧૪૨ પર પહોંચી છે.

શહેરના સે-૪, ૧૩ અને ૨૪માંથી આજે કેસો મળ્યા છે. સે-૨૪માંથી બે કેસ મળી આવ્યા છે જે તંત્ર માટે ચિંતાજનક બન્યા છે. સે-૧૩માં આ વખતે સિઝનમાં સૌથી વધુ કેસ મળ્યા છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગ ડેનગ્યુના કેસોની સંખ્યા ૨૦૧૬ તરફની ગતિ બતાવી રહી છે તેથી તંત્રની ટીમે એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરી સઘન બનાવી છે.

આ વખતે મેલેરિયાના કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે પરંતુ ડેનગ્યુના કેસો અને છુટાછવાયા ચિકનગુનિયાના બેથી ત્રણ કેસ નોંધાયા છે. જો કે સે-૧૬માં સાંધા જકડાઈ જવાના કેસોમાં તાવ પણ સાથે હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. તંત્ર એ સે-૧૩ અને સે-૨૪માં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

# એકતા યાત્રાનો પ્રથમ તબક્કો સેક્ટર-૨૪ ખાતે સંપન્ન થયો

**બીજો તબક્કો દિપાવલી પર્વ બાદ હાથ ધરાશે : પ્રથમ તબક્કામાં ૬૬ ગામ અને ગાંધીનગર મનપા આવરી લેવાયા**

ગાંધીનગર, તા. ૨૯

સરદાર પટેલ એકતા યાત્રાનો આજે પ્રથમ તબક્કો સાંજે ૭ વાગે સંપન્ન થયો છે હવે યાત્રાનો બીજો તબક્કો ૧૫મી નવેમ્બરથી હાથ ધરવામાં આવશે.

૬૬ ગામ અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આ યાત્રા ફરી હતી. આજે સમાપન પ્રસંગે જિલ્લાના વિવિધ ગામોમાં યોજાયેલી સ્પર્ધાઓમાં વિજેતા બનેલા બાળકોને સે. ૨૮ ખાતે યોજાયેલા એક સાદા સમારોહમાં પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સે. ૨૪ ખાતે યોજાયેલ યાત્રાના સમાપન સમારોહમાં મેયર પ્રવિણ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને અન્ય પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં આજે બીજે દિવસે યાત્રાના વિવિધ માર્ગો પર વેપારી આગેવાનો, સેકટરોના અગ્રણીઓએ સ્વાગત કર્યુ હતુ તેમજ વિવિધ રંગભૂષામાં સજ્જ કલાકારોએ વિવિધ રાજ્યોના

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપે સરદાર પટેલના નામ પર માર્કેટિંગ કર્યુ : શંકરસિંહ

**વાઘેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઇને વિરોધમાં : સરદારના સંસ્કારો અને વિચારોની વાત કરનારા ભાજપે એરપોર્ટ નામકરણ વખતે સરદારના નામનો વિરોધ કર્યો**

અમદાવાદ, તા.૨૯

આગામી ૩૧મી ઓક્ટોબરે વિશ્વની સૌથી ઉંચી સરદાર વલ્લભાઈ પટેલનું સ્મારક સ્ટેચ્યૂ ઓફ યૂનિટીનું લોકાર્પણ થવા જઈ રહ્યું છે. ત્યારે સમગ્ર દેશ સહિત દુનિયાની નજરો ગુજરાત પર હશે. એકબાજુ, વિપક્ષ અને આદવાસી સમાજ સ્ટેચ્યુ ઓફ યુનિટી મુદ્દે અને ભાજપ તેમ જ મોદી સરકાર દ્વારા તેની પ્રસિધ્ધિ અને અંગત સ્વાર્થના તાયફા માટે થઈ રહેલા કરોડો રૂપિયાના ખર્ચ



અને સરકારની સ્વાર્થી માનસિકતાને લઈ પ્રહાર અને વિરોધ કરી રહ્યા છે ત્યારે હવે એક જમાનામાં ભાજપની છાવણીના કદાવર નેતા અને કોંગ્રેસમાંથી છેડો ફાડનારા પીઢ રાજકીય નેતા શંકરસિંહ વાઘેલાએ પણ તેમાં વિરોધના સૂર પૂરાવ્યા છે અને ભાજપ સરકાર સામે જોરદાર સવાલો ઉઠાવી પ્રહારો કર્યા છે. બાપુએ જણાવ્યું કે, મારે તેમને પૂછવું છે કે, મારે એમને પુછવુ છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટીનો અર્થ શું છે.

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં ૩૮ બ્લોકના મજબુતીકરણ માટે દરખાસ્ત

**સેકટરોમાં મકાનો તોડવાનુ કામ પુરજોશમાં :નવા આવાસો બાંધવાનુ કામ પણ અટવાયુ : આવાસ રીનોવેશન માટે દરખાસ્ત પેન્ડીંગ**

ગાંધીનગર તા ૨૯

શહેરના સેકટરોમાં આવાસો તોડવાનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે.જયારે નવા આવાસો બાંધવાનુ કામ અટક્યુ છે. નવા આવાસો માટે સ્થળ પસંદગી કરવાની પ્રકીયા હજુ સુધી પુર્ણ થઈ નથી. બીજીતરફ આવાસોને મજબુતીકરણ હેઠળ આવરી લેવા માટે પણ હજુ સુધી દરખાસ્ત પેન્ડીંગ છે. સે-૨૮,૨૯ અને સે-૨૨ માં કુલ ૩૮ બ્લોકના મજબુતીકરણ માટે દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરના જુના સેકટરોમાં એકબાજુ મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે .જયારે સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસો પૈકી રહેણાંકને લાયક યોગ્ય હોય તેવા આવાસોની સંખ્યા નહીંવત છે. ત્યારે જુના આવાસો પૈકી રીનોવેશન હેઠળ આવરી લેવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં નવા મકાનો બાંધવા માટે સાઈટ નક્કી થતી નથી. જેના લીધે નવી ટાવર કોલોની ઉભુ કરવાનુ કામ વિલંબમાં પડ્યુ છે. જયારે સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે આ નવા મકાનોમાં વસવાટ પણ શરૂ થઈ ગયો છે. આમછતા તંત્રના ચોપડે મકાનો માટે લાંબી થતી પ્રતિક્ષા યાદીના લીધે આવાસોની ફાળવણીનુ કામ મુશ્કેલ બન્યુ છે. ત્યારે નવા આવાસો બાંધવા સહીત અન્ય જરૂરી મકાનો રીનોવેશન હેઠળ આવરી લેવાની કામગીરી પણ તેજ બનાવવી અનિવાર્ય હોવાની

● અનુસંધાન પાન-૭ પર

# આજે રાજયના પ્રાથમિક શાસનાધિકારીઓની શિક્ષણ નિયામક સમીક્ષા કરશે

ગાંધીનગર, તા.૨૯

રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ મંગળવારના રોજ રાજયના તમામ જિલ્લાના પ્રાથમિક શાસનાધિકારીઓની એક સમીક્ષા બેઠક બોલાવી છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં ગુણોત્સવ, મિશન વિદ્યા, સ્વચ્છતા શાળાઓની, વધ-ઘટના કેમ્પોનું આયોજન તેમજ જે ઓચિંતી તપાસ હાથ ધરાઈ હતી તે અંગેના અહેવાલ પછી તંત્રએ કરેલી કામગીરી સહિતની બાબતોની સમીક્ષા કરવામાં આવશે.

આ બેઠકમાં પ્રથમ સત્રાંત મૂલ્યાંકનમાં પ્રથમવાર અમલમાં મુકાયેલ બાહ્ય સુપરવિઝન અને બાહ્ય મૂલ્યાંકનની સ્થિતિ અને પ્રતિભાને લઈ પણ ચર્ચાઓ કરવામાં આવશે.

જે જિલ્લાઓમાં મિશન વિદ્યાનું પરિણામ અને પ્રથમ સત્રાંત મૂલ્યાંકનમાં પણ નબળું પરિણામ હોય તે જિલ્લાઓમાં મિશનવિદ્યાનો બીજો તબક્કો હાથ ધરવા માટે પણ ચિંતન કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. એક જ માસમાં બીજી વાર પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા આ સમીક્ષા બેઠક યોજાઈ રહી હોવાથી તંત્રમાં તે અંગે તરેહ તરેહની ચર્ચા ઉભી થવા પામી છે.



પૂતળા દહન... - રામ મંદિર મામલે સુપ્રીમમાં સુનાવણી મુલત્વી રહેતા મુસ્લિમ નેતા ઓવૈસીએ વટહુકમ લાવવા ફેંકેલા પડકારના વિરોધમાં દેશભરમાં હિંદુ સંગઠનોમાં આક્રોશ પ્રસર્યો હતો... પાટનગર ગાંધીનગરમાં પણ વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરોએ ઓવૈસીના પુતળાનું દહન કરી વિરોધ વ્યક્ત કર્યો હતો...

# સેક્ટર-૩ અને ૨૫માંથી સ્વાઈન ફ્લુના કેસ મળ્યા : બંને મહિલા દર્દી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાંથી આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવના વધુ બે કેસ મળી આવેલ છે. આ સાથે શહેરમાં આ રોગના કેસની સંખ્યા ૧૩ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે પણ મળેલા બન્ને કેસ મહિલા દર્દીના છે. સે. ૨૫માંથી એક ૫૬ વર્ષીય મહિલા અને સેક્ટર-૩માંથી એક ૧૫ વર્ષીય યુવતીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું જણાયેલ છે.

આ બન્ને દર્દીઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જણાવાયુ છે.

ગાંધીનગર શહેરમાં સે. ૩માંથી પાંચમો કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવનો મળતાં શહેરી આરોગ્યતંત્રની ઊંઘ હરામ થઈ જવા પામેલ છે.

શહેરીતંત્ર દ્વારા દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જો કે એક પણ નવો શંકાસ્પદ કેસ મળી નહિ આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# રાત્રિ રોકાણ નહિ કરતા તબીબો સામે કમિશનરની લાલ આંખ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં તબીબો ફરજના સ્થળે રાત્રિ રોકાણ નહિ કરતા હોવાની ફરિયાદ આરોગ્ય કમિશનરશ્રી સુધી પહોંચતા તેમણે તાજેતરમાં ટેલિફોનિક સંદેશો આપી આ બાબતે તપાસ કરી અહેવાલ મોકલવા જિલ્લા તંત્રને જણાવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે આરોગ્ય કમિશનરશ્રીની કચેરીએ માણસા તાલુકાના એક કેન્દ્રમાં તપાસ કરવાના આદેશ આપ્યા હતા અને તપાસ દરમિયાન તબીબી અધિકારી ત્યાં હાજર જણાયા ન હતા.

કયા કેન્દ્રમાં તપાસ કરવામાં આવી? કોની ટીમ દ્વારા તપાસ કરાઈ બધી જ બાબતોને લઈ જિલ્લા આરોગ્ય તંત્ર ભેદી મૌન સેવી રહેલ છે. જો કે તંત્ર એ રાજયને પોતાનો અહેવાલ મોકલી દીધાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની વાતને લઈ આરોગ્ય કમિશનરની કચેરી ચિંતિત બની છે. જો કે જિલ્લા તંત્ર દ્વારા આ અંગે કોઈ નક્કર કાર્યવાહી કેમ કરતા નથી તે બાબતે અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.


**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**

Ramkrishna Paramhans Education Complex, Nr. Mahatma Mandir, "KH"-5, Sector-15, Gandhinagar.
Phone : 079-23243733

**શોર્ટ નોટીસ ઈ-ટેન્ડર ૦૪/૨૦૧૮-૧૯**

આઈ.આઈ.ટી.ઈ. સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતેના મુખ્ય સંકુલ ખાતે મંડપ ડેકોરેશન વ્યવસ્થાની કામગીરી માટે માન્ય એજન્સીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડરની વિગતો www.nprocure.com વેબસાઈટ ઉપરથી ઉપલબ્ધ થશે. ટેન્ડર ઓનલાઈન પણ ભરવાનું રહેશે.

| ટેન્ડર કામની વિગત | તારીખ અને સમય |
|---|---|
| ટેન્ડર ફી | ૧૦૦૦/- |
| અર્નેસ્ટ મીન - (ઈ.એમ.ડી.) | ૧,૦૦,૦૦૦/- |
| ઓનલાઈન ટેન્ડર ખુલવાની તારીખ | તા. ૩૦/૧૦/૨૦૧૮ |
| ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૫/૧૧/૨૦૧૮, ૧૩:૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય | તા. ૫/૧૧/૨૦૧૮, ૧૫:૦૦ કલાકે |

રસ ધરાવતા કોન્ટ્રાક્ટર / એજન્સી / કંપની www.nprocure.com પરથી ટેન્ડર ભરી શકે છે, ઓનલાઈન ટેન્ડર ભરવા માટે (n)Code Solution, G.N.F.C. Tower, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદનો સંપર્ક કરવો.

સ્થળ : ગાંધીનગર — કા. કુલસચિવ
તારીખ : ૨૯/૧૦/૨૦૧૮ — આઈ.આઈ.ટી.ઈ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com